ટેલિકોમ સેક્ટરમાંથી ૮૦ હજાર કર્મીઓની છટણીની શક્યતા

ટેલિકોમ સેક્ટરમાં હાલમાં અનેક પડકારો છે : નાણાંકીય વર્ષ ૨૦૧૯ બાદ સ્થિરતા આવ્યા બાદ છટણી રોકાશે : મર્જર, ખરીદી અને અન્ય યોજનાનો દોર યથાવત

નવી દિલ્હી, તા. ૨૩

ટેલિકોમ સેક્ટરમાં આ વર્ષના અંત સુધી મોટાપાયે છટણી કરવામાં આવનાર છે. આ વર્ષના અંત સુધી ૬૬૦૦૦ લોકોને નોકરીમાંથી રજા આપવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. હવે મર્જર કરનાર કંપનીઓની સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સ, ટાવર ફર્મ અને ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા રિટેલ આર્મ વધારે કર્મચારી રાખવા માટે ઈચ્છુક નથી. સ્ટાફિંગ ફર્મ ટીમ લીઝ સર્વિસનું કહેવું છે કે ૩૧મી માર્ચ ૨૦૧૯ના દિવસે પૂર્ણ થઈ રહેલા નાણાંકીય વર્ષ સુધી ટેલિકોમ સેક્ટરમાંથી આશરે ૬૦૦૦૦થી વધારે નોકરી જઈ શકે છે. આનાથી સૌથી વધારે અસર કસ્ટમર સપોર્ટ અને ફાઈનાન્સિયલ વર્ટિકલ ઉપર પડશે. આ બંને સેગ્મેન્ટમાંથી ક્રમશઃ ૮૦૦૦ અને ૭૦૦૦ નોકરી જવાનો ખતરો દેખાઈ રહ્યો છે.

ટીમલીઝની સહસ્થાપક રિતુપર્ણા ચક્રવર્તીનું કહેવું છે કે, ઈન્ડસ્ટ્રી હવે સ્થિર થઈ રહી છે જેના લીધે નાણાંકીય વર્ષ ૨૦૧૯ બાદ છટણીની પ્રક્રિયા રોકાઈ શકે છે. આના માટે નાણાંકીય વર્ષ ૨૦૧૯ બાદ સ્થિતિને હળવી કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. કંપનીઓ નવેસરથી ભરતી ઉપર ધ્યાન આપશે. મજબૂતિના કારણે ૨૦૧૯માં ટેલિકોમ સર્વિસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોવાઈડર્સમાં ૭૫૦૦૦ નોકરી ઓછી થઈ શકે છે.

એક ઈન્ડસ્ટ્રી કારોબારીએ માહિતી આપતા કહ્યું છે કે, નાણાંકીય વર્ષ ૨૦૧૯માં સપ્ટેમ્બર સુધી શરૂઆતના બે ત્રિમાસિક ગાળામાં ટેલિકોમ ઈન્ડસ્ટ્રીમાં ૧૫૦૦૦થી ૨૦૦૦૦ નોકરીઓ ઓછી થઈ છે. પ્રશ્નોના જવાબમાં ભારતી એરટેલ, રિલાયન્સ જીઓ, વોડાફોન અને આઈડિયા દ્વારા જવાબ આપવામાં આવ્યા નથી. જો કે, ઈન્ડસ્ટ્રી બોડીનું કહેવું છે કે, ઈન્ડસ્ટ્રીના ખરાબ દિવસો પૂર્ણ થવા આવ્યા છે. સેલ્યુલર ઓપરેટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા ડિરેક્ટર જનરલ રાજન મેથ્યુસે માહિતી આપતા કહ્યું છે કે, અમારો ખરાબ સમય નિકળી ચુક્યો છે. હવે કંપનીઓ આર્ટિફિશિયલ ઈન્ટેલીજન્સ, બિગ ડેટા, ફોરજી નેટવર્ક વિસ્તરણમાં ભરતી વધારી રહી છે. નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના શરૂના બે ત્રિમાસિક ગાળામાં સ્થિતિ સારી રહી નથી પરંતુ હવે એવો દોર ખતમ થઈ ચુક્યો છે.

આજે ભારત-વિન્ડીઝ વચ્ચે બીજી વનડે

વિશાખાપટ્ટનમમાં આજે રોમાંચક ડેનાઇટ જંગ : ટેસ્ટ શ્રેણી ૨-૦થી , પ્રથમ વનડે મેચ ૮ વિકેટે જતી લીધા બાદ ટીમ ઇન્ડિયાના બેટ્સમેનોનો જુસ્સો આસમાન ઉપર

વિશાખાપટ્ટનમ,તા. ૨૩

જેની ઉત્સુકતાપૂર્વક ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા હતા તે ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે આવતીકાલે પાંચ વનડે મેચોની શ્રેણીની બીજી મેચ વિશાખાપટ્ટનમ ખાતે રમાનાર છે. મેચને લઈને તમામ તૈયાર કરી લેવામાં આવી છે. ભારતીય ટીમના તમામ ખેલાડીઓ જોરદાર ફોર્મમાં ચાલી રહ્યા છે. પ્રથમ મેચથી આ બાબતની સાબિતી મળી ગઈ છે. ડેનાઈટ મેચનુ બપોરે ૧.૩૦ વાગ્યાથી જીવંત પ્રસારણ કરવામાં આવનાર છે.ગુવાહાટીમાં રમાયેલી પાંચ વનડે મેચોની શ્રેણીની પ્રથમ મેચમાં ધારણા પ્રમાણે જ ભારતે વેસ્ટઈન્ડિઝને આઠ વિકેટે કચડી નાંખીને ૧-૦ની લીડ મેળવી લીધી હતી. જીતવા માટેના ૩૨૩ રનના લક્ષ્યાંકને પણ ભારતે ૪૭ બોલ ફેંકવાના બાકી હતા ત્યારે જ જીત મેળવી લીધી હતી. ભારત તરફથી રોહિત શર્માએ અણનમ ૧૫૨ રન

ફટકાર્યા હતા. કેપ્ટન વિરાટ કોહલીએ પણ ૧૪૦ રન ફટકાર્યા હતા. કોહલીએ ૧૦૭ બોલમાં ૨૧ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. પ્રથમ વિકેટ ૧૦ રનમાં પડ ગયા બાદ રોહિત શર્મા અને કોહલીએ બીજી વિકેટની ભાગીદારીમાં ૨૪૬ રનની ભાગીદારી નોંધાવી હતી હાલમાં જ રમાયેલી બે ટેસ્ટ મેચોની શ્રેણીમાં વેસ્ટ ઈન્ડિઝને ૨-૦થી કચડી નાંખવામાં આવ્યા બાદ ટીમ ઈન્ડિયા ધારણા પ્રમાણે જ પ્રથમ મેચમાં જોરદાર દેખાવ કર્યો હતો.

પ્રથમ ક્રમાંકિત ખેલાડી વિરાટ કોહલીને વન ડે ક્રિકેટમાં દસ હજાર રન પૂર્ણ કરવાની તક રહેલી છે. ગુવાહાટી મેચ પહેલા કોહલીએ હજુ સુધી ૨૧૧ વનડે મેચોમાં ૫૮.૨૦ રનની સરેરાશ સાથે ૯૭૭૯ રન કર્યા હતા અને તેને ૧૦ હજાર રનની સિદ્ધી સુધી પહોંચવા માટે માત્ર ૨૨૧ રનની જરૂર છે. તે પૈકી ગુવાહાટીમાં રમાયેલી મેચમાં કોહલીએ ૧૪૦ રન ફટકારી દીધા હતા. આની સાથે જ હવે કોહલીને ૧૦૦૦૦ રન પુરા કરવા બીજા ૮૧ રનની જરૂર રહી છે.જેથી પાંચ વનડે મેચોની શ્રેણીમાં આ સિદ્ધી હાંસલ કરે તેવી શક્યતા છે. વિરાટ કોહલી હાલમાં જે રીતે ફોર્મમાં ચાલી રહ્યો છે. તે જોતા તેના માટે આ કામ બિલકુલ મુશ્કેલ દેખાઈ રહ્યો નથી.

તમસો મા-જ્યોર્તિગમય... - પ્રભુ પરમ તેજે તું લઈ જા... પ્રાર્થનાની પંક્તિ ચરિતાર્થ થતી હોય એવી આ તસવીર દિવાળીના આગમનની સાથો સાથ જીવનની રોશની પ્રગટાવવાનો સંદેશ આપે છે... દિવ્યાંગ બાળા દિવડા પ્રગટાવવા માટેની વાટ બનાવી-બનાવી દિવડામાં ગોઠવે છે... કેટલું અદ્દભૂત દૃશ્ય છે... જે બાહ્ય પ્રકાશ પામવા અસમર્થ છે... તે આંતરિક પ્રકાશની મદદથી પ્રકાશ પર્વની ઉજવણી માટે ભાગીદાર બને છે... અને તે પણ કેવી ઉલ્લાસમય અભિવ્યક્તિ સાથે... ચહેરા પર છલોછલ સ્મિત, હાથમાં ઉમંગ છે અને સમગ્ર વ્યક્તિત્વમાં આનંદનો અભિષેક છે...

સીડીકાંડમાં આરજે દેવકી સહિત ચારની ધરપકડ અને છુટકારો

અમદાવાદ,તા.૨૩

નવરાત્રિ દરમિયાન માહી પાર્ટી પ્લોટમાં આયોજિત ગરબાના કાર્યક્રમમાં આરજેએ સ્ટેજ ઉપરથી સીડી ફેંકાતા ચાર વર્ષના બાળકને આંખની નીચે વાગી હતી. જેમાં બાળકના પિતાએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલામાં આરજે દેવકી, આયુષ, નિશિતા અને હર્ષની ધરપકડ કરવામાં આવી હતી અને આરજે ધ્રુમિલ ગુજરાતમાં હાજર ન હોવાને કારણે તેને ક્લીન ચીટ આપી છે. આ ચારેવનો સોમવારે બપોરે ધરપકડ કરી હતી અને સાંજે તેમને મુક્ત પણ કરી દેવામાં આવ્યાં હતાં.

શહેરના સિંધુભવન રોડ પર આવેલા માહી પાર્ટી પ્લોટમાં રાસ ગરબાનું આયોજન કરાયું હતું. જેમાં ૧૨ ઓક્ટોબરે ભાવેશ ઝાલાવાડિયા પત્ની આરતી અને ચાર વર્ષનો દીકરા અર્થ ત્યાં ગરબા રમવા ગયા હતાં. આશરે રાતના ૧૧.૩૦ વાગ્યે તમામ આરજે સ્ટેજ ઉપર આવ્યા હતા. તે લોકોએ તેમની સીડીના પ્રમોશન માટે સ્ટેજ પરથી સીડીઓ ફેંકતા હતાં. આ રીતે તેમની સીડીના પ્રમોશન કરવાની રીત તેઓ વર્ષોથી કરે છે. ફેંકવામાં આવેલી સીડીમાંથી એક સીડી અર્થને આંખની નીચે વાગી હતી.

આ અંગેની ફરિયાદ પિતા ભાવેશભાઈએ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે સોમવારે બપોરે આ લોકોની ધરપકડ કરી હતી. તેમને સાંજ સુધી પોલીસ સ્ટેશનમાં રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ જામીન ઉપર મુક્ત કરાયા હતા.

દિવાળી પર્વે ધાર્મિક સ્થળોએ સાફ-સફાઈ અભિયાન આરંભાયું

મંદિરો-ગુરૂદ્વારામાં સાફ-સફાઇ પ્રક્રિયા શરૂ થઇ : પરંપરા મુજબ સ્વચ્છતા કરવા માટે ચક્રો ગતિમાન

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સત્તાવાળાઓ દ્વારા દિવાળીના તહેવારો પહેલાં શહેરનાં નગરદેવી ગણાતાં મા ભદ્રકાળીનું મંદિર, ઐતિહાસિક જગન્નાથજીનું મંદિર, મણિનગરનું સ્વામિનારાયણ મંદિર સહિતના શહેરનાં ૫૪ મંદિરો-ગુરુદ્વારાની સાફસફાઈ કરવાનાં ચક્રો ગતિમાન કરાયાં છે. આગામી દિવાળીના તહેવારોમાં મ્યુનિસિપલ તંત્ર દ્વારા પરંપરા મુજબ શહેરના ધાર્મિક સ્થળોને પાણીથી ધોઈને સ્વચ્છ કરવાના તેમજ જે તે ધાર્મિક સ્થળ સંલગ્ન રસ્તાની સાફસફાઈની કામગીરી હાથ ધરાય છે. ચાલુ વર્ષે પણ દિવાળીના વિવિધ તહેવારોને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા કુલ સાત ઝોનમાં આવેલા મહત્ત્વપૂર્ણ લેખાતા ધાર્મિક સ્થળોનું સ્વચ્છતા અભિયાન હાથ ધરવાની દિશામાં કવાયત હાથ ધરાઈ છે, જે હેઠળ આગામી રમા એકાદશીથી કાર્તિકી પૂર્ણિમા સુધીના સમયગાળામાં આ તમામ ધાર્મિક સ્થળોની સ્વચ્છતા જળવાઈ રહે તે માટે તંત્ર ખાસ ટીમ તહેનાત કરશે.

તંત્ર દ્વારા તૈયાર કરાયેલી ધાર્મિક સ્થળોની યાદીમાં કુલ ૫૪ મંદિર, ગુરુદ્વારા વગેરેનો સમાવેશ કરાયો છે. હિન્દુઓના નવા વર્ષ તરીકે ઊજવાતા કારતક સુદ એકમના દિવસે સવારે નાગરિકો સ્નાનાદિ કાર્યમાં પરવારીને વહેલા મંદિરે દર્શનાર્થે જઈ શકે તે માટે અડધો કલાક વધારાનું પાણી પૂરું પડાશે. જો કે, દિવાળીના દિવસોમાં ગૃહિણીઓને ઘરની સાફ સફાઈ માટે સવાર-સાંજ એમ બે વખત પાણીનો પુરવઠો પૂરો પડાય તેવી શક્યતા બહુ નહીવત્ છે. તેથી નગરજનોમાં ખાસ કરીને મહિલાઓમાં દિવાળીના તહેવારો દરમ્યાન અમ્યુકો તંત્ર દ્વારા બે ટાઈમ પાણી પૂરું પાડવાની માંગણી ઉઠવા પામી છે.

દિવાળી તહેવારમાં રાજ્યના ૧૦ સ્થળે લૂંટ અને ધાડને અંજામ આપે તે પહેલાં

આંતર રાજ્ય ગેંગના પાંચ આરોપીઓ ઝડપાયા

પાલનપુર એલસીબી પોલીસે દેશી બનાવટની પિસ્તોલ અને પાંચ કારતુસ કબ્જે કર્યા...

પાલનપુર, તા.૨૩

દિવાળીના તહેવારોમાં દશ જગ્યાએ લૂંટ અને ધાડ ને અંજામ આપે તે પહેલા બનાસકાંઠા એલ.સી.બી પોલીસે આંતર રાજ્ય ગેંગને દબોચી લેવામાં સફળતા મળી છે. એલ.સી.બી પોલીસે પાંચ આરોપીઓને ઝડપી લઈ લૂંટની ગેંગના આરોપીઓ પાસેથી દેશી બનાવટની એક પિસ્તોલ અને પાંચ કારતુસ કબ્જે કર્યા છે. દિવાળીના તહેવારોમાં લૂંટ અને ધાડની ઘટનાને અંજામ આપવા ૧૦ જગ્યાએ રેકી કરી હોવાનો પર્દાફાશ

થયો છે. જેમાં જૂનાગઢ, ગોધરા, શંખેશ્વર, વડનગર, વિસનગર, બહુચરાજી, ગાંધીનગર, પાટણ, માણસા અને ઊંઝામાં બેન્ક,આંગડિયા પેઢી અને ફાયનાન્સ કંપની વાળાઓને નિશાન બનાવાનું કાવતરું રચ્યું હતું આંતરરાજ્ય ગેંગના આરોપીઓ ગણેશપુરા ગામની દૂધમંડળીના મંત્રીને નાણાં સાથે લૂંટી લેવાનો પ્લાન ડીસા આખોલ ચાર રસ્તા પાસે તૈયાર કર્યો હતો. જોકે મંત્રીને લૂંટે તે પહેલા આરોપી પિસ્તોલ લોડ કરતા સમયે મિસ ફાયર થતા અન્ય આરોપીને ગોળી વાગી જતા લૂંટને અંજામ આપવાનું ઓપરેશન નિષ્ફળ સાબિત થયું હતું। જોકે પોલીસને મળેલી બાતમીના આધારે કાણોદર હાઈવે પરથી ગાડીમાં પસાર થતા આંતરરાજ્ય ગેંગના પાંચ આરોપીઓને ઝડપી લીધા હતા.

રાજ્યમાં સ્વાઈન ફ્લુ બેકાબૂ નવા ૧૧ કેસ : બેના મોત

ગાંધીનગર, તા.૨૩

સ્વાઈન ફ્લુના કારણે નવા નવા કેસોનો દોર જારી રહ્યો છે. આજે સ્વાઈન ફ્લુના વધુ ૧૧ કેસ નોંધાયા હતા. બીજી બાજુ બે લોકોના મોતના અહેવાલ મળ્યા છે. જો કે, આને હજુ સુધી સમર્થન મળી રહ્યું નથી. આજે જે નવા કેસ નોંધાયા છે તેમાં કચ્છમાં ત્રણ કેસોનો સમાવેશ થાય છે. અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં સ્વાઈન ફ્લુના નહીવત જેવા કેસો નોંધાયા છે. કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૫૭ ઉપર પહોંચી ચુકી છે. ૧૮૭ લોકો હજુ સારવાર હેઠળ છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુના કારણે અસરગ્રસ્ત વિસ્તારમાં સૌથી વધુ અસર અમદાવાદમાં થઈ છે. જ્યાં ૬૬૬ કેસ નોંધાઈ ચુક્યા છે. અમદાવાદમાં મોતનો આંકડો પણ રાજ્યના અન્ય વિસ્તારો કરતા વધારે છે. સ્વાઈન ફ્લૂથી ગ્રસ્ત પોઝીટીવ લોકોની સંખ્યા રેકોર્ડ ઉંચી સપાટી પર પહોંચી ચુકી છે. અમદાવાદમાં સ્વાઈન ફ્લુથી રાજ્યમાં સૌથી વધુ ૧૮ના મોત થયા છે. વધુ બેના મોત થતાં મોતનો આંકડો વધીને આજે ૫૫ ઉપર પહોંચી ગયો હતો જ્યારે ૧૧ નવા કેસોની સાથે કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૫૭ ઉપર પહોંચી ગઈ છે. ૧૩૬૦ દર્દીઓને સારવાર આપવામાં આવ્યા બાદ આ લોક સ્વસ્થ થઈ ચુક્યા છે અને રજા આપી દેવામાં આવી છે. અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં સ્વાઈન ફ્લુનો એક કેસ નોંધાયો છે. જો કે, આંકડાઓને લઈને વિરોધાભાષની સ્થિતિ છે. સ્વાઈન ફ્લૂને રોકા માટે અમદવાદ સહિત રાજ્યના જુદા જુદા સૌથી અસરગ્રસ્ત વિસ્તારોમાં તમામ પગલાં લેવામાં આવ્યા હોવા છતાં કેસો વધી રહ્યા છે. રાજ્યમાં સ્વાઈન ફ્લૂના કારણે ભારે હાહાકાર મચેલો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ સ્વાઈન ફ્લૂના ૧૧ નવા કેસો સપાટી ઉપર આવતા તંત્રમાં દોડધામ મચી ગઈ છે. રાજ્યમાં જાન્યુઆરી બાદથી મોતનો આંકડો ૫૫ ઉપર પહોંચી ગયો છે જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૧૬૫૭ સુધી પહોંચી ગઈ છે. સ્વાઈન ફ્લૂથી ગ્રસ્ત થયા બાદ સારવાર હેઠળ રહેલા દર્દીઓની સંખ્યા ૧૮૭થી વધુ છે.

દિવાળી વેકેશનને પગલે રેલવેએ ૪ સ્પેશિયલ સાપ્તાહિક ટ્રેનોની જાહેરાત કરી

સુરત,તા.૨૩

દેશના ૩ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતાંની સાથે જ આચાર સંહિતા લાગુ કરી દેવામાં આવી હતી. જેના પગલે તંત્ર દ્વારા નવી જાહેરાતો ઉપર પણ રોક લગાવી દેવામાં આવી હતી. જોકે લોકોની માંગ જોતાં આચાર સંહિતાને લીધે અટકી પડેલી દિવાળી સ્પેશિયલ ટ્રેનોની જાહેરાત પણ રેલવે તંત્રને કરવી પડી હતી. જેમાં ઉધના થી છપરા સહિતની વિશેષ ટ્રેનોની જાહેરાત કરી દેવામાં આવી છે.

ઉધના-છપરા સાપ્તાહિક ટ્રેન દિવાળીનાં સમયમાં ૮ ફેરા મારશે. જેમાં દર રવિવારે આ ટ્રેન સુરતનાં ઉધના સ્ટેશનેથી રાત્રે ૧૧.૫૫ વાગ્યે રવાના થશે અને મંગળવારે સવારે ૬.૧૫ વાગ્યે છપરા સ્ટેશને પહોંચશે. તો આ ટ્રેન મંગળવારે છપરાથી સવારે ૭.૫૦ વાગ્યે ઉપડી બુધવારે બપોરે ૧.૧૫ વાગ્યે ઉધના સ્ટેશને આવી પહોંચશે. .

મુંબઈ સેન્ટ્રલ-લખનઉ સાપ્તાહિક એસી સુપરફાસ્ટ વિશેષ ટ્રેન ગુરુવારે મુંબઈ સેન્ટ્રલથી સાંજે ૭.૩૫ વાગ્યે પ્રસ્થાન કરશે. આ ટ્રેન ૨૬ ઓક્ટોબરથી ૨૩ નવેમ્બર સુધી ચલાવવામાં આવશે. બાંદ્રા ટર્મિનસથી ગોરખપુરની સાપ્તાહિક વિશેષ ટ્રેન પણ ૬ ફેરા મારશે. તો ગાંધીધામ-ભાગલપુર સાપ્તાહિક વિશેષ ટ્રેન પણ વાયા આણંદ અને ગોધરા થઈ દોડાવાશે.

દિવાળી પર ઉધના-છપરા સહિતની કુલ ૪ વિશેષ સાપ્તાહિક ટ્રેનો દોડાવવાનો રેલવે તંત્રએ નિર્ણય લીધો છે. આ નવી વેકેશન સ્પેશિઅલ સ્ટેનોની જાહેરાત થતાં ઉત્તર બારતીયોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો.

ટચુકડી જાહેર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ઈન્કાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

બનેલી બેંચે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. હાલમાં વાયુ પ્રદુષણને લઈને એકબાજુ વ્યાપક ઝુંબેશ ચાલી રહી છે. વાયુ પ્રદુષણ પર બ્રેક મુકવા માટે દેશભરમાં ફટાકડાના ઉત્પાદક અને વેચાણ પર રોક મુકવા માટેની માંગ ઉઠી રહી હતી. અરજી પર સુનાવણી કરતી વેળા સુપ્રીમ કોર્ટે મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો હતો. આ પહેલા આ મામલામાં ૨૮મી ઓગષ્ટના દિવસે જસ્ટીસ એકે સિકરી અને અશોક ભુષણન બનેલી બેંચે પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. સુપ્રીમ કોર્ટે પહેલા કહ્યુ હતુ કે પ્રતિબંધ સાથે જોડાયેલી અરજી પર વિચારણા કરતી વેળા ફટાકડાના ઉત્પાદકોની આજીવિકાના મુળભુત અધિકાર અને દેશના ૧.૩ અબજ લોકોના આરોગ્યના અધિકાર સહિત તમામ જુદા જુદા પરિબળો પર ધ્યાન આપવાની જરૂર છે. સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાથી ફટાકડાના કારોબાર સાથે જોડાયેલા દેશના તમામ કારોબારીઓને મોટી રાહત થઈ છે. કારણ કે જો ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર જો કોઈ પણ પ્રકારના પ્રતિબંધ મુકવામાં આવ્યા હોત તો કારોબારીઓને મરણતોળ ફટકો પડ્યો હોત. સાથે સાથે ફટાકડા ફોડીને પરંપરાગત ઉજવણી કરવામાં વિશ્વાસ ધરાવતા લોકોને પણ ફટકો પડ્યો હતો. દિવાળી પર મોટા પ્રમાણમાં ફટાકડા ફોડવાની પ્રથા રહેલી છે. આવી સ્થિતીમાં આજના ચુકાદાને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સુપ્રીમ કોર્ટે ચુકાદો આપતા કહ્યું હતું કે, બંધારણની કલમ ૨૧ (જીવનના અધિકાર) તમામ વર્ગના લોકો ઉપર લાગૂ થાય છે.

નહિવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મિડિયા સાથે કોઈ પણ પ્રકારની માહિતી આપવામાં આવી રહી નથી. સરકાર સાથે જોડાયેલા એક સિનિયર અધિકારીએ કહ્યું છે કે, હવે બંને અધિકારીઓ વચ્ચે સમાધાનની શક્યતા ખતમ થઈ ચુકી છે. સરકારની પાસે એકમાત્ર વિકલ્પ બચેલો છે. આ વિકલ્પ એ છે કે, કાયદાકીય રસ્તાથી બંને ઉપર અંકુશ મુકવામાં આવે. અધિકારને મર્યાદિત કરવામાં આવે. સીબીઆઈની અંદર આગામી થોડાક દિવસમાં કોઈ મોટા ઘટનાક્રમ થવાની પણ શક્યતા દેખાઈ રહી છે. દેવેન્દ્રની ધરપકડ બાદ સીબીઆઈએ આ કેસ સાથે સંબંધિત પ્રથમ નિવેદન જારી કર્યું છે જેમાં જણાવવામાં આવ્યું છે કે, ડીએસપી રેંકના અધિકારી દેવેન્દ્ર કુમારે કઈરીતે રાકેશ અસ્થાનાના કહેવા પર બનાવટી પુરાવા એકત્રિત કર્યા હતા. આમા જણાવવામાં આવ્યું છે કે, દેવેન્દ્ર કુમારે રાકેશ અસ્થાનાના કહેવા પર એવા લોકોના નિવેદન દિલ્હીમાં લેવાનો દાવો કરવામાં આવ્યો હતો જે લોકો તે દિવસે દિલ્હીમાં હતા જ નહીં. સીબીઆઈએ રાકેશ અસ્થાના અને તેમની સાથે જોડાયેલા અધિકારીઓને ફોન ઉપર કેસના સંબંધમાં વાત કરવાના પુરાવા પણ હોવાનો દાવો કર્યો છે. બીજી બાજુ સીબીઆઈ ડિરેક્ટર જે રીતે આ મામલાને હાથ ધરી રહ્યા છે તેનાથી સરકાર નારાજ છે. અલબત્ત સરકાર પોતાને રાકેશ અસ્થાનાની સાથે છે તેમ પણ દર્શાવવા માંગતી નથી. બીજી બાજુ રાકેશ અસ્થાનાએ કહ્યું છે કે, કેસમાં કોઈપણ પ્રકારના પુરાવા નથી.

રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ૨૯મી ઓક્ટોબરની તારીખ નક્કી કરી છે. કોર્ટે કહ્યું છે કે, ૨૯મી ઓક્ટોબરના દિવસે સીબીઆઈ ડિરેક્ટર દ્વારા રાકેશ અસ્થાના ઉપર મુકવામાં આવેલા આક્ષેપોનો જવાબ આપવામાં આવશે. કોર્ટ એ વખતે જ આ મામલામાં કોઈ નિર્ણય કરી શકશે. ૨૯મી ઓક્ટોબર સુધી હવે અસ્થાનાની ધરપકડ થઈ શકશે નહીં. હાલમાં યથાસ્થિતિ જાળવી રાખવાનો આદેશ કર્યો છે. કોર્ટે તે વખત સુધી આરોપીના મોબાઈલ અને લેપટોપ સહિત તમામ ઈલેક્ટ્રોનિક સાધનોને જપ્ત કરવાનો આદેશ કર્યો છે. આ પહેલા સીબીઆઈના વકીલે કોર્ટમાં કહ્યું હતું કે, આરોપીની સામે લાંચ લેવા સહિત અનેક ગંભીર મામલા રહેલા છે. અપરાધિક કાવતરાની સાથે સાથે ભ્રષ્ટાચારના મામલા પણ છે. બીજી બાજુ રાકેશ અસ્થાનાના વકીલે કોર્ટમાં અસ્થાનાની સામે દાખલ કરવામાં આવેલી એફઆઈઆરને રદ કરવાની માંગ કરી હતી.

જપ્ત કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સંપત્તિને લાલુ યાદવના પત્નિ રાબડી દેવી, તેમના પુત્ર અને બિહારના પૂર્વ નાયબ મુખ્યપ્રધાન તેજસ્વી યાદવ, પુત્રી ચંદા, મીશા અને રાગિણી તેમજ જમાઈ શેલેષ કુમારના નામ પર ટ્રાન્સફર કરી દેવામાં આવી હતી. આ સંપત્તિને કબજે કરવામાં આવ્યા બાદ હવે ઈન્કમ ટેક્સ વિભાગ તેના પર કબજો જમાવ શકશે. જો કે વિભાગ ઈચ્છે તો તેની અંદર રહેલા લોકોને કેસની સુનાવણી પુર્ણ ન થાય ત્યાં સુધી ભાડા પર રહેવાની મંજુરી આપી શકે છે. આવકવેરા વિભાગના એક અધિકારીએ કહ્યુ છે કે આ સંપત્તિની કુલ કિંમત ૧૨૭.૭૫ કરોડ રૂપિયાન આસપાસ છે. જેમાં પટણામાં નિર્માણ હેઠળના મોલ, દિલ્હીમાં ભવ્ય આવાસ, દિલ્હી એરપોર્ટ નજીક અઢી એકરમાં ફેલાયેલા ફાર્મનો સમાવેશ થાય છે. લાલુ યાદવ છેલ્લા કેટલાક વર્ષોથી ભારે મુશ્કેલીમાં છે. હાલમાં તેઓજેલમાં છે. આ સંપત્તિઓને ગયા વર્ષે સપ્ટેમ્બર મહિનામાં આવકવેરા વિભાગે કબજામાં લઈ લીધી હતી.

લાયસન્સ ફ્રી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જે ૫૧૫૦-૫૨૫૦ મેગાહટ્ર્ઝ, ૫૨૫૦-૫૩૫૦ મેગાહટ્ર્ઝ, ૫૪૭૦-૫૭૨૫ મેગાહટ્ર્ઝ અને ૫૭૨૫-૫૮૭૫ મેગાહટ્ર્ઝના બેન્ડમાં કામ કરે છે. આ પગલાના લીધે સમગ્ર દેશમાં વાઈફાઈ સર્વિસને વેગ મળશે અને પજી ઈકોસિસ્ટમને પણ વેગ મળશે.

ઈન્ટરનેશનલ ટેલિકમ્યુનિકેશન યુનિયનના નેજા હેઠળના એપીટી ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી એસએન ગુપ્તાએ જણાવ્યું હતું કે ૫.૧થી ૫.૩ ગીગાહટ્ર્ઝ અને ૫.૭થી ૫.૮ ગીગાહટ્ર્ઝને ફ્રીકવન્સી રેન્જનો સમગ્ર વિશ્વામાં વાઈફાઈ તરીકે ઉપયોગ થાય છે.

સરકારે આ બેન્ડને ડી-લાઈસન્સ કર્યા તે પ્રશંસનીય પગલું છે. ૫.૩થી ૫.૭ ગીગાહર્ટઝ માટેની ફ્રીકવન્સી રેન્જનો ઉપયોગ પજી સર્વિસિસ તરીકે કરી શકાય છે. ૫ ગીગાહટ્ર્ઝ સ્પેકટ્રમ ફ્રીકવન્સીનો ઉપયોગ ટૂંકી રેન્જના કમ્યુનિકેશન્સ જેવા કે એપાર્ટમેન્ટ કે શોપિંગ સેન્ટરની અંદર કવરેજ માટે કરી શકાય છે.

સરકાર ભારત નેટ હેઠળ સમગ્ર દેશના ગ્રામીણ વિસ્તારોમાં એક કરોડ વાઈફાઈ હોટસ્પોટ લાવવા આયોજન કરી રહી છે. આ સિવાય સરકાર પજી સર્વિસના ફિલ્ડ ટ્રાયલ્સનું પણ આયોજન ધરાવે છે, જેથી દેશમાં તેની ઈકોસિસ્ટમ તૈયાર કરી શકાય.

સપાટો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કબજે લેવામાં આવી હતી. દિવાળી પુર્વે દબાણતંત્રની ટીમે સપાટો બોલવતા લારી ગલ્લા ચાલકોમાં ફફડાટ પ્રવર્તયો છે. આગામી દિવસોમાં પણ હજુ દબાણ હટાવ ઝુંબેશ ચાલુ રહેશે. દબાણ હટાવ ઝુંબેશ દરમિયાન ટ્રાફિક શાખાએ ટ્રાફિકને અડચણ રૂપ દબાણકર્તાઓ સામે ગુન્હા દાખલ કરવાનુ પણ અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે.